# એકમ-4 "આવકની અસમાનતા"

-: રૂપરેખા :-

**4.1 પ્રસ્તાવના**

**4.2 આવકની અસમાનતાનો અર્થ**

**4.3 આવકની અસમાનતાના અંદાજો**

**4.4 આવકની અસમાનતાના કારણો**

**4.5 આવકની અસમાનતાની અસરો**

**4.6 આવકની અસમાનતા દૂર કરવાના ઉપાયો**

**4.7 ઓક્સફેમ સર્વેનો ભારતના સંદર્ભમાં આવકની અસમાનતાનો ટૂંકસાર (વર્ષ 2019)**

**4.8 સમીક્ષા**

## 4.1 પ્રસ્તાવના

આવકની અસમાનતા એ આર્થિક અસમાનતાનો ભાગ છે. લગભગ બધા જ દેશોમાં આવકની અસમાનતાની સમસ્યા છે. ખાસ કરીને મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આવકની અસમાનતા ગંભીર પ્રશ્ન છે. વિકસીત દેશોમાં આવકની અસમાનતા ગંભીર સમસ્યા નથી. કારણ કે ઓછી આવકો ધરાવનારા લોકોની આવકો પણ લઘુતમ જીવનધોરણ ચલાવવા માટે એટલે કે અનિવાર્ય પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા માટે પૂરતી હોય છે. જ્યારે અલ્પ વિકસીત અને વિકસતા જતા દેશોમાં આવકની અસમાનતા એક ગંભીર આર્થિક અને સામાજિક સમસ્યા બને છે. આવા દેશોમાં ઓછી આવક ધરાવનારાઓની આવકો એટલી બધી ઓછી હોય છે કે તેઓ લઘુતમ પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરતા પ્રમાણમાં સંતોષી શકતા નથી. અત્યંત ઓછી આવકોને પરિણામે ગરીબ લોકો પૂરતો ખોરાક પણ લઈ શકતા નથી, પરિણામે લોકોની તંદુરસ્તી કથળે છે. આવા લોકોમાં શારીરિક બિમારીઓ પ્રવર્તે છે. ગરીબીને પરિણામે આરોગ્ય પાછળ ખર્ચ કરી શકતા નથી અને તેથી તેમની કાર્યક્ષમતા નીચી રહેવા પામે છે. નીચી કાર્યક્ષમતાને કારણે તેઓની આવકો પણ ઓછી છે. આમ વિકાસશીલ અને અલ્પ વિકસીત દેશોમાં આર્થિક અસમાનતા ઓછી આવકવાળા લોકોમાં ગરીબીનું વિષચક્ર પેદા કરે છે. કોઈપણ દેશ ઝડપથી અને સમતોલીત રીતે વિકાસ કરી શકે તે માટે અત્યંત ઓછી આવકવાળા લોકોની આવકોમાં વધારો કરવો જરૂરી છે. એટલે કે તીવ્ર આર્થિક અસમાનતામાં ઘટાડો કરવો જરૂરી છે. વિશ્વના વિકસીત દેશોમાં આવકની વહેંચણીની અસમાનતા ઘણે અંશે મધ્યમ કે ઓછા પ્રમાણમાં હોય છે. જ્યારે અલ્પ વિકસીત અને વિકસતા દેશોમાં આવકની વહેંચણીની અસમાનતા વધુ તીવ્ર હોય છે. ઓછી આવક ધરાવતા નીચલા 40 ટકાથી વધુ લોકોના ભાગે રાષ્ટ્રીય આવકનો અત્યંત ઓછો હિસ્સો આવે છે.

## 4.1 આવકની અસમાનતાનો અર્થ :

રાષ્ટ્રીય આવકની સમાન રીતે વહેચણીના બદલે થોડા લોકોના ભાગે રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો આવે અને વધુ લોકોના ભાગે રાષ્ટ્રીય આવકનો ઓછો હિસ્સો આવતો હોય તેને આવકની અસમાનતા કહેવામાં આવે છે.

## 4.2 આવકની અસમાનતાના અંદાજો :

**• સામયિક લેબર ફોર્સ :**

ભારતમાં 2017-18, 2018-19 અને 2019-20માં દેશના ટોચના 10 % લોકોથી નીચેના 64 ટકા જેટલી કમાણી કરે છે.

**• Oxfam Internationalમાં અમિતકપુર અને જૈસિકા દુગ્ગલ 19 may 2022.**

તેમણે જીની ગુણાંક પદ્ધતિથી આવકની અસમાનતા માપવાનો પ્રયાસ કર્યો છે. 0 થી 1 જીની ગુણાંક હોય છે. જેમાં '0' જીની ગુણાંક દેશમાં સંપૂર્ણ આવકની અસમાનતા દર્શાવે છે. જ્યારે '1' જીની ગુણાંક દેશમાં સંપૂર્ણ આવકની અસમાનતા દર્શાવે છે. ભારતમાં આવકની અસમાનતાને માપવા માટે માથાદીઠ માસિક વપરાશ ખર્ચના વિતરણના ગિની ગુણોત્તરનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં આવકની અસમાનતા 0-6 જીની ગુણાંકથી ઉપર છે. એટલે કે આવકની અસમાનતા વધુ જોવા મળે છે.

**• World Inequality Databaze. Wealth (1961-2019)**

દેશની અતિ ધનાઢ્ય વ્યક્તિઓની 12 ટકા વસ્તી પાસે રાષ્ટ્રીય આવકની સંપતિ 1961માં 13 ટકા હતી; જે 2019માં વધીને 21.7 ટકા થઈ. સૌથી ગરીબ એવી 50 % વસ્તીની 1961માં રાષ્ટ્રીય આવકની સંપતિ 21.2 ટકા હતી. જે ઈ.સ. 2019માં માત્ર 14.7 ટકા થઈ. જ્યારે ધનાઢ્ય 10 ટકા વસ્તીની 1961માં 37.2 ટકા રાષ્ટ્રીય આવકનો હિસ્સો હતો. જે 2019માં 56.1 ટકા થયો. આમ ગરીબોના ભોગે રાષ્ટ્રીય આવકની વહેંચણી ધનિકો અને અતિ ધનાઢ્ય અમીર લોકોના તરફેણમાં થઈ. જે આવકની ખૂબ જ મોટી અસમાનતા સૂચવે છે.

**• વિશ્વ બેંક (World Bank)**

વિશ્વ બેંક અનુસાર ભારતમાં જીની ગુણાંક 2009ના વર્ષમાં 0.339 હતો. જે અગાઉના વર્ષો 1995-96માં 0.43 અને વર્ષ 2004-05માં 0.45ના મૂલ્યોથી ઓછો હતો. એટલે કે આવકની અસમાનતાનું પ્રમાણ 1995-96 કરતાં વર્ષ 2009માં વધ્યું છે.

**• ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ (IMF)**

એશિયા અને પેસેફિક માટેના તેના પ્રાદેશિક આર્થિક દૃષ્ટિકોણમાં જણાવ્યું હતું કે ભારતનો જીની ગુણાંક 1990માં 0.45 થી વધીને 2013માં 0.51 થયો હતો. જે આવકની અસમાનતા વધવાનો નિર્દેશ કરે છે.

**• World Wealth Report - 2015**

વર્ષ 2015ના વર્લ્ડ હેલ્થ રીપોર્ટ અનુસાર ભારતમાં 785 ડોલર બિલિયનની સંયુક્ત સંપત્તિ સાથે 1,98,000 ઉચ્ચ સંપત્તિ ધારક વ્યક્તિઓ (1 મિલીયન યુ.એસ.ડોલરથી વધુની વાર્ષિક આવક હતી) સમાજના નીચેના 10 ટકા લોકો પાસે માત્ર 0.2 ટકા રાષ્ટ્રીય સંપત્તિ છે. જ્યારે સૌથી ધનિક 10 ટકા લોકો વર્ષ 2000થી વધુ ને વધુ સમૃદ્ધ બનતા ગયા છે.

• National Advisiory Councilના સભ્યશ્રી એન.સી. સકસેનાના અભિપ્રાય મુજબ ભારતની ખરાબ કૃષિ અને ગ્રામીણ સુરક્ષા આવકની વધતી જતી અસમાનતા માટે જવાબદાર ગણી શકાય. "દુર્ભાગ્યવશ, કૃષિ પતનની સ્થિતિમાં છે. માથાદીઠ ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે. ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રચર. જેમકે પાવર, રોડ, ટ્રાન્સપોર્ટ સુવિધાઓ નબળી સ્થિતિમાં છે." તેમણે કહ્યું "ગ્રામીણ જોબ સ્કીમ અને જાહેર વિતરણ પ્રણાલી તેમની સંભવિતતા

કરતાં ઘણી ઓછી કામગીરી સાથે તમામ સલામતી નેટ કાર્યક્રમો બિલકુલ કામ કરી રહ્યાં નથી. આનાથી ગ્રામીણ વિસ્તારની વેદનામાં વધારો થયો છે. જ્યારે બજાર દળો શહેરી ભારતની તરફેણમાં કામ કરી રહ્યાં છે, તેથી જે તે ઝડપી ગતિએ પ્રગતિ કરી રહી છે.''

• Oxfam અને Development finance International દ્વારા 23 ઓક્ટોબર, 2016માં બહાર પાડવામાં આવેલ અસમાનતા સૂચકાંક ઘટાડવાની પ્રતિબદ્ધતા, ભારતને 157 દેશોમાંથી 147મું સ્થાન આપે છે. ભારતને આરોગ્ય સંભાળ, શિક્ષણ અને સામાજિક સુરક્ષા માટે, જાહેર ખર્ચ માટે 151મું સ્થાન અને મજૂર અધિકારો અને વેતન માટે 141મું તેમજ કરવેરા નીતિઓ માટે 50મું સ્થાન આપવામાં આવ્યું છે.

• **વિડનીંગ ગેપ્સ : ઈન્ડિયા ઈનઈક્વાલીટી રિપોર્ટ (2018) :**

Oxfam India એ દેશમાં વાસ્તવિક અને વધતી જતી અસમાનતા પર તેનો રિપોર્ટ વિડનીંગ ગેપ્સ : ઈન્ડિયા inequality Report પ્રકાશિત કર્યો હતો. તેના અહેવાલમાં શ્રીમંત અને ગરીબ વચ્ચેના અંતર વિશેના કેટલાંક ચોંકાવનારા આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે ભારત ઓછી અસમાનતા ધરાવતો દેશ છે. તેથી દંતકથાને નકારી કાઢે છે. રિપોર્ટમાં પ્રોગ્રેસિવ ડાયરેક્ટર ટેક્શેસન દ્વારા સંપત્તિ અને વારસાગત કરતી રજૂઆત અને આરોગ્ય અને શિક્ષણ પર જાહેર ખર્ચમાં વધારો કરીને આંતરિક આર્થિક અંતરને ઘટાડવાનું સૂચન કરવામાં આવ્યું છે.

• **ગ્લોબલ રિપોર્ટ (17 જાન્યુઆરી, 2022) :** ભારતના પૂરકમાં એમ કહેવામાં આવ્યું છે કે ઈ.સ. 2021માં ભારતના 100 સૌથી ધનિક લોકોની સામૂહિક સંપત્તિ રૂ. 57.3 લાખ કરોડ (US ડોલર 775 બિલિયન)ની વિક્રમી ટોચે પહોંચી છે. તે જ વર્ષે, રાષ્ટ્રીય સંપત્તિમાં વસ્તીના તળિયે 50 ટકાનો હિસ્સો માત્ર 6 ટકા લોકો પાસે હતો.

• **ઓક્સફેમ ઈન્ડિયાની નવીનતમ બ્રીફિંગ ઈનક્વાલીટી કિલ્સે** જાહેર કર્યું કે જાન્યુઆરી 2022 જ્યારે દેશના 84 ટકા પરિવારોએ જીવન અને આજીવિકાના જબરદસ્ત નુકસાન સાથે એક વર્ષમાં તેમની આવકમાં ઘટાડો સહન કર્યો, ત્યારે ભારતીય અબજોપતિઓની સંખ્યા 102થી વધીને 152 ઉપર પહોંચી હતી.

• Oxfam Indiaના CEO અમિતાભ બેહરે જણાવ્યું હતું કે ''ભારતમાં રોગચાળા દરમ્યાન (માર્ચ 2020 થી 30 નવેમ્બર 2021 સુધી) અબજોપતિઓની સંપત્તિ રૂા. 23.14 લાખ કરોડ (US ડોલર 313 અબજ) થી વધીને રૂા. 53.16 લાખ ડોલર (US ડોલર 719 અબજ) થઈ છે. આ દરમ્યાન 4.6 કરોડથી વધુ ભારતીયો ઈ.સ. 2020માં અત્યંત ગરીબીમાં આવી ગયા હોવાનો અંદાજ છે. રોગચાળાને લીધે વર્ષ 2020માં મહિલાઓએ સામુહિક રીતે રૂા. 59.11 લાખ કરોડ (US ડોલર 800 બિલિયન)ની કમાણી ગુમાવી છે. જે વર્ષ 2019ની સરખામણીમાં 1.3 કરોડ ઓછી મહિલાઓ કામ કરે છે.''

• Oxfam India Brifig એ વલણ દર્શાવે છે કે કેન્દ્ર સરકારની આવકના હિસ્સા તરીકે પરોક્ષ કર એવા સમયે વધી રહ્યો છે. જ્યારે છેલ્લાં ચાર વર્ષમાં કોર્પોરેટર ટેક્સનાં પ્રમાણમાં ઘટાડો થયો છે. ગત વર્ષ (2019-20)ની સરખામણીએ વર્ષ 2020-21ના પ્રથમ છ મહિનામાં ઈંધણ પર લાદવામાં આવેલ વધારાનો કર 33 ટકા વધ્યો છે અને તે કોવિડ પહેલાના સ્તર કરતાં 79 ટકા વધુ છે. 2016માં અતિ શ્રીમંત લોકો માટે Wealth Tax નાબૂદ કરવામાં આવ્યો હતો. વળી રોકાણ આકર્ષવા માટે કોર્પોટર ટેક્સ 30 ટકાથી ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો હતો. જેના પરિણામે રૂા. 1.5 લાખ કરોડનું નુકસાન થયું હતું. જેણે રાજકોશીય ખાદ્યની વૃદ્ધિમાં ફાળો આપ્યો હતો. આ વલણો દર્શાવે છે કે ગરીબ હાંસિયામાં ધકેલાઈ ગયેલાં અને મધ્યમવર્ગ રોગચાળામાંથી પસાર થવા છતાં (પરોક્ષ કર

સ્વરૂપે) ઊંચો કર ચૂકવ્યો હતો. જ્યારે શ્રીમંતોએ તેમનો વાજબી હિસ્સો ચૂકવ્યા વિના વધુ પૈસા (ઉત્પાદન સાધનના માલિક અથવા નિયોજક તરીકે) કમાયા હતા. આમ આવકની અસમાનતા રોગચાળા (કોરોના-સ્વાઈનફ્લૂ) દરમ્યાન ખૂબ જ વધી હતી.

ઓગસ્ટ 2019માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)ના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે "જબરજસ્ત આર્થિક પ્રગતિ હોવા છતાં, વિશ્વની સંપત્તિ થોડા લોકો દ્વારા નિયંત્રિત કરવામાં આવી રહી છે.**

**કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયે** 15 ઓગસ્ટ 2021ના રોજ કહ્યું હતું કે "સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અમે ઘણી બધી બાબતો હાંસલ કરી છે. હજુ પણ ઘણા ક્ષેત્રોમાં સુધારા માટે અવકાશ છે. દેશમાં આર્થિક અને સામાજિક અસમાનતા મજબૂત રીતે પ્રવર્તી રહી છે અને ગરીબી નાબૂદ થઈ નથી."

**આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન વાય.એસ.જગન મોહન રેડ્ડીએ** ડિસેમ્બર 2021માં આવકની અસમાનતા ઘટાડવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. કારણ કે તેના પરિણામે ગ્રામીણ દેવાની વૃદ્ધિ, ઓછી ખરીદશક્તિ અને ગ્રામીણ એકંદર માંગમાં ઘટાડો થશે.

**WIR (World Inequality Report) 2020 :**

વિશ્વની સૌથી વધુ આવકની અસમાનતા ભારતમાં પ્રવર્તે છે. WIR મુજબ, દેશની ટોચની 10 ટકા વસ્તી રાષ્ટ્રીય આવકના 57 ટકા હિસ્સો ધરાવે છે. જેમાંથી 22 ટકા ટોચના 1 ટકા લોકો પાસે રાષ્ટ્રની આવક છે. ભારતની વસ્તીનો એક નાનકડો વર્ગ 5 સ્ટાર વિશેષાધિકારોનો આનંદ માણે છે. ત્યારે નીચેના 50 ટકા લોકો માટે જીવનની ટકાઉપણું હજુ પણ એક પડકાર સમાન છે.

**ઓક્સફોમના** એક અહેવાલ મુજબ અબજોપતિઓની સંપત્તિ દાયકામાં 10 ગણી વધી છે અને તેમની કુલ સંપત્તિ હવે કેન્દ્રિય બજેટ 2018-19ના ખર્ચ કરતાં વધુ છે. જે 24,422 અબજ રૂપિયા હતી. આ દર્શાવે છે કે કેવી રીતે કોનો મૂડીવાદ વધી રહ્યો છે, જે મોટા પાયે અસમાનતા તરફ દોરી જાય છે. ટોચના 10 ટકા ધનાઢ્ય ભારતીયો તેમની માત્ર 1 ટકા વેલ્થ ટેક્ષ (સંપત્તિવેરો) પબ્લિક સ્કૂલ એજ્યુકેશન, પબ્લિક હેલ્થકેર અને સામાજિક સુરક્ષા લાભો જેવા કે પ્રસૂતિ રજાઓ, દરેક માટે પેન્શન વગેરેની કાળજી લઈ શકે છે. તેમ છતાં આવકની અસમાનતાની ખાઈ વધુ ને વધુ વ્યાપક બની રહી છે.

આવકની અસમાનતા અંગે જુદા જુદા વર્ગ જૂથ અને સંશોધકે સર્વે કરી અંદાજો દર્શાવ્યા છે. જેના ટકાવારી દૃષ્ટિએ અલગ-અલગ અંદાજો મળ્યો છે. છતાં ભારતમાં અન્ય દેશોની તુલનાએ આવકની અસમાનતા વધુ જોવા મળી છે. સાઉથ આફ્રિકાને બાદ કરતાં લગભગ મોટા ભાગના દેશોમાં રાષ્ટ્રીય આવકની 50 ટકા કરતાં ઓછી છે. જ્યારે ભારતમાં 2019ના ડેટા મુજબ ટોચના 10 ટકા લોકો પાસે રાષ્ટ્રીય આવકનો હિસ્સો 56.1 ટકા હતો. જે પૈકી માત્ર 1 ટકા લોકો પાસે 21.7 ટકા હિસ્સો રાષ્ટ્રીય આવકનો હતો. જે ખૂબ મોટી આવકની અસમાનતા ગણી શકાય.

1971માં રાષ્ટ્રીય આવકના ડેટા સાથેના અગ્રણી કાર્યને કારણે અર્થશાસ્ત્રમાં સિમોન કુઝનેટ્સને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. તેમના મતે વિકાસના પ્રારંભિક તબક્કામાં જેમ જેમ નવી તકો ઊભી થાય તેનો લાભ સમૃદ્ધ લોકો લે છે. તે જ સમયે અકુશળ કામદારોના વેતનમાં ઘટાડો થતાં આવકની અસમાનતા વધે છે. ભારતમાં અમીરોની આવક ગરીબોની સરખામણીએ વધુ ઝડપથી વધી છે. 1998થી 2019 વચ્ચે માથાદીઠ GDPની સરખામણી કરીએ તો તે 8.5 ગણી વધી ગઈ છે. તેમ છતાં આપણે ગ્રામીણ વેતન પર નજર કરીએ

તો તે માત્ર 5.4 ગણો વધ્યો છે. આમ ભારતમાં તીવ્ર આવકની અસમાનતા પ્રવર્તે છે.

## 4.3 આવકની અસમાનતાના કારણો :

ભારત વિશ્વની બીજા નંબરની વસ્તી ધરાવતો દેશ છે. ઈ.સ. 1947માં ભારત અંગ્રજોની ચુંગાલમાંથી આઝાદ થયો તે સમયે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ તેમજ સમગ્ર મંત્રીમંડળ રશિયાના સમાજવાદી વિચારસરણીથી પ્રભાવિત હતું. "દરેક વ્યક્તિ પાસેથી યથાશક્તિ કામ લેવું અને દરેકને તેની જરૂરિયાત મુજબ એનો બદલો આપવો." આ મહામંત્ર અસ્તિત્વમાં આવ્યો હતો. ભારતમાં સામાજિક ન્યાય સાથે આર્થિક વિકાસ પ્રાપ્ત કરવો અને સમાનતા અને શોષણમુક્ત સમાજની રચના કરવી. સમાજમાં દરેક વ્યક્તિ, દરેક કોમ, દરેક વિસ્તારને રાષ્ટ્રીય આવકના સર્જનમાં ફાળો આપવાની તક મળે છે. રાષ્ટ્રીય આવકમાંથી એને એના ફાળાના પ્રમાણમાં હિસ્સો મળે છે. જે સમાજમાં વ્યક્તિઓ, વર્ગો, વિસ્તારો અને રાજ્યો વચ્ચે આવક અને સંપત્તિની અસમાનતા હોય છે. પરિણામે ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યાઓ ઉદ્ભવે છે. આવકની અસમાનતા માટેના મૂળભૂત કારણો નીચે મુજબ ગણાવી શકાય.

### (1) ભૌગોલિક સ્થિતિ પ્રતિકૂળ :

ભારતની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો એકદમ સપાટ જમીન નથી. કેટલીક જગ્યાએ રણ, દરિયાકાંઠા વિસ્તાર, સફેદ રણ જેવી કે ખારી જમીન વિસ્તાર, પાણીના અભાવવાળો વિસ્તાર, પહાડી વિસ્તાર, પથરાળ જમીન જેવી કુદરતી રીતે પ્રતિકૂળ પરિસ્થિતિ જુદા જુદા પ્રાદેશિક વિસ્તારમાં જોવા મળે છે. ક્યાંક વધુ ફળદ્રુપ અને કાંપવાળી જમીન કે જ્યાં વધુ ઉત્પાદન કરી શકાય છે. ક્યાંક ખૂબ જ કનિષ્ક પ્રકારની રેતાળ, બિનફળદ્રુપ જમીન હોય છે. આવી પ્રતિકૂળ જમીન ધરાવતાં વિસ્તારોમાં આવકની ઉપાર્જનની તકો ખૂબ જ ઓછી હોય છે. આવા વિસ્તારના લોકો ગમે તેટલી મહેનત કરે છતાં વધુ આવક કરી શકતા નથી. જ્યારે ફળદ્રુપ અને કાંપવાળી જમીન અને ખુશનુમા હવામાન ધરાવતા વિસ્તારોમાં સારું ઉત્પાદન જોવા મળે છે. આવા વિસ્તારના લોકો ઓછી મહેનતે કુદરતી સંપત્તિના આધારે વધુ કમાય છે. આમ ભારતમાં આવકની અસમાનતાના મુખ્ય કારણમાં ભૌગોલિક કુદરતી પરિબળો જવાબદાર ગણાય છે.

કોઈપણ પ્રદેશના વિકાસનો આધાર મહદ્અંશે એની ભૌગોલિક સ્થિતિ ઉપર હોય છે. આસામ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશ તેમજ ઉત્તર પ્રદેશના પહાડી વિસ્તારો પછાત રહ્યાં છે. પહાડી વિસ્તારોનો અન્ય વિસ્તારો સાથેનો સંપર્ક ઓછો હોય છે. પહાડી વિસ્તારોમાં કુદરતી સંપત્તિ અને જમીનની ફળદ્રુપતા ઓછી હોવાથી તેઓ પાસે ઓછી આવકો હોય છે. વળી કુદરતી સંપત્તિ ઉપરાંત આબોહવા પણ ઉત્પાદન અને તે દ્વારા આવક ઉપાર્જન ઉપર અસર કરતું મહત્ત્વનું કારણ છે. આપણા દેશમાં જુદા જુદા વિસ્તારની આબોહવા અલગ અલગ પ્રકારની છે. પ્રતિકૂળ આબોહવાવાળા વિસ્તારમાં આવક ઓછી પ્રાપ્ત થાય છે. જ્યારે અનુકૂળ આબોહવાવાળા વિસ્તારમાં ઉત્પાદન વધુ થવાથી આવકો વધુ પ્રાપ્ત થાય છે. જે પ્રદેશોમાં શ્રમ, મૂડી (કાચો માલ સામાન) વગેરે પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોય તેવા વિસ્તારમાં ઉત્પાદકો, નિયોજકો અને ઉદ્યોગપતિઓ ગતિશીલ બને છે. સાનુકૂળ વાતાવરણમાં ઉદ્યોગો મુડીરોકાણ કરી ત્યાં રોજગારીનું સર્જન કરી ઊંચી આવકો પ્રાપ્ત કરે છે. ઉદ્યોગ વેપારની પ્રવૃત્તિઓ ઝડપથી વિકસે છે. ખાનગી ઉદ્યોગો હંમેશાં સુવિકસીત વિસ્તારોમાં જ કેન્દ્રિત થવાનું વલણ ધરાવે છે. આમ જે પ્રદેશોમાં ફળદ્રુપ જમીન, સાનુકૂળ આબોહવા અને શ્રમ તેમજ કાચા સામાનની પ્રાપ્તિ સરળતાથી થાય તે વિસ્તારની આવકો વધુ જોવા મળે છે અને તેના વિપરીત સંજોગોના વિસ્તારોમાં

આવકની નીચી પ્રાપ્ત થતાં આવકની અસમાનતા વધુ જોવા મળે છે.

**(2) કુદરતી સાધનો ઉપરના પ્રભુત્વમાં અસમાનતા :**

નેશનલ એડવાઈઝરી કાઉન્સીલના સભ્ય એન.સી. સકસેનાએ સૂચવ્યું હતું કે ભારતની ખરાબ આકારની કૃષિ અને ગ્રામીણ સુરક્ષા માળખાઓ દ્વારા આવકની વધતી જતી અસમાનતાઓને જવાબદાર ગણી શકાય. ''દુર્ભાગ્યવશ, કૃષિ પતનની સ્થિતિમાં છે. માથાદીઠ ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે. ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે પાણી, પાવર, રોડ, ટ્રાન્સપોર્ટ સુવિધાઓ નબળી સ્થિતિમાં છે.'' તેમણે કહ્યું હતુ કે ''ગ્રામીણ જોબ સ્કીમ અને જાહેર વિતરણ પ્રણાલી તેમની સંભવિતતા કરતાં ઘણી ઓછી કામગીરી સાથે તમામ સલામતી નેટ કાર્યક્રમો બિલ્કુલ કામ કરી રહ્યાં નથી. આનાથી ગ્રામીણ ભારતની વેદનામાં વધારો થયો છે.'' જ્યારે શહેરી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટક્ચરની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે. આમ વિસ્તારની દૃષ્ટિએ પણ આવકની અસમાનતા જોવા મળે છે. કૃષિક્ષેત્રે વારસાગત મોટી જમીનો પ્રાપ્ત થઈ છે. જમીનની માલિકી હોવાથી તેમજ સિંચાઈની પુરતી સગવડો મળી રહે છે. ત્યાં આવકના સ્ત્રોતો વધુ હોય છે. જેમકે પૂર્વના રાજ્યો હરિયાણા અને પંજાબના ખેડૂતો પાસે વિશાળ જમીન, પાણીની સુવિધાની ઉપલબ્ધિ હોવાથી હરિયાળી ક્રાંતિના ફળ તેઓ મેળવી શકયા છે. જ્યારે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં વારસાગત મોટે ભાગે જમીનનું ખંડવિભાજન અને ઉપવિભાજનને પરિણામે ખેડાણ ઘટકો નાના બન્યાં છે. જ્યાં કૃષિક્ષેત્રે આવેલાં ટેક્નોલોજીકલ પરિવર્તનોનો લાભ ખેડાણ ઘટક નાના હોવાથી લઈ શકાતો નથી. વળી સિંચાઈની અપૂરતી સગવડો, જમીનની માલિકી હક્ક ન હોવો, તેમજ પરંપરાગત ખેતી, પછાત પ્રકારની જમીન, ખેડૂતોમાં અજ્ઞાનતા વગેરેને કારણે પૂર્વના રાજ્યો કરતાં પશ્ચિમ-દક્ષિણના પ્રદેશોમાં આવકો ઓછી પ્રાપ્ત થાય છે. આમ આંતર રાજ્ય આવકની અસમાનતા જોવા મળે છે.

**(3) નીચી ખેતઉત્પાદકતા :**

''ખેડ, ખાતર અને પાણી ધાન્યને લાવે આણી'' આ મુહાવરો ખેડૂતોની આવકો ઉપર પ્રકાશ પાડે છે. મોટા જમીનદારો જમીનને ટ્રેક્ટર દ્વારા ખેડવી, રાસાયણિક ખાતરનો પુરતા પ્રમાણમાં વપરાશ, જંતુનાશક દવાઓનો ઉપયોગ ન કરે કે બોર વડે સિંચાઈની પ્રાપ્તિ, ખેત પેદાશોના પોષણક્ષમ ભાવોની પ્રાપ્તિ, પોતાના માલિકીના ઓજારો હોય અને વારસામાં વિશાળ જમીનો પ્રાપ્ત થઈ હોય તેવા જમીનદારો કે મોટા ખેડૂતો પધ્ધતિસર ખેતી કરે તો તેઓ વધુ ઉત્પાદન મેળવી વધુ આવક કમાઈ શકે છે તેનાથી વિપરીત સ્થિતિમાં ખેડૂત વધુ આવક કમાઈ શકતો નથી વળી વિશાળ પ્રમાણમાં જમીનો હોય અને પશુપાલનનો સંલગ્ન વ્યવસાય હોય તો પશુધન પણ આવકનો શોર્ષ બને છે. જમીનની જેમ પશુધન નબળું હોય તો આવકો ઓછી પ્રાપ્ત થશે અને ખેડૂતોમાં નીચી ટકાઉ ઉત્પાદકતાને કારણે અવકની અસમાનતા વધે છે.

**(4) ગરબી અને બેરોજગારી :**

જે લોકો પાસે વારસાગત આવકો નથી કે વારસામાં ગરીબી મળી છે અને માનસિક રીતે જે સ્થિતિ હોય તેને સ્વીકારી લે છે. આર્થિક સ્થિતિ સુધારવા અને આર્થિક ઉપાર્જન કરવા વિશેષ પ્રયત્ન ન કરે તેમજ પરંપરાગત સ્થિતિમાં જીવવા ટેવાયેલાં છે. ઓછી આવકમાં સંતોષ માની વધુ આવક મેળવવા પ્રયત્ન કરવા અંગે હતાશાવાદી વલણ ધરાવે અને પ્રારબ્ધવાદી માનસ ધરાવતાં લોકોની આવકો નીચી જોવા મળે છે. જ્યારે વારસાગત ધનિક હોય અથવા ગરીબી પ્રાપ્ત થઈ હોય. પરંતુ પુરુષાર્થમાં માનનારા, પોતાની તકદીર ખુદ લખનારા અને આર્થિક ઉપાર્જન માટે સતત પ્રયત્નશીલ અને સંશોધન કરનારા લોકો વધુ

આવક કમાય છે. (દા.ત. ધીરૂભાઈ અંબાણી, નિરમાના કે.કે. પટેલ વગેરે)

પ્રચ્છન્ન છૂપી કે મોસમી, શિક્ષિત કે ઔદ્યોગિક બેકારીનો ભોગ બનેલાઓની આવકો નીચી હોય છે. જેને સમયસર રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે તેઓ ઊંચી આવકો પ્રાપ્ત કરે છે. સમયની માંગ સાથે જેઓ પરિવર્તન લાવે છે. તેઓ ઊંચી આવકો મેળવી શકે છે. ભારતમાં વસ્તીનું પ્રમાણ ઊંચું હોવાથી વધુ રોજગારીની તકોનું સર્જન થતું નથી. જેમ કે દર વર્ષે 1 કરોડ 30 લાખ લોકો નવી રોજગારી માંગનારાઓની સામે સરકાર દ્વારા લગભગ 50 થી 60 લાખ વાર્ષિક રોજગારી અપાય છે. બાકીના દર વર્ષે બરોજગારીના ખપ્પરમાં હોમાય છે. સ્વરોજગારી પણ ગરીબીને લીધે ઓછી ઊભી થાય છે. મૂળભૂત રીતે ગરીબી અને બેરોજગારી આવકની અસમાનતાનું ધીમી વૃદ્ધિ તરીકે દોરી જતું મહત્ત્વનું કારણ છે.

**(5) ફુગાવો-ભાવવધારો :**

ઓછું ઉત્પાદન અને ચીજવસ્તુઓ અને સેવાઓની વધુ માંગને કારણે અર્થતંત્રમાં ભાવવધારો કે ફુગાવો અસ્તિત્વમાં આવે છે. ફુગાવા દરમ્યાન બાંધી આવક કમાનાર વર્ગ (પગારદાર નોકરો, પેન્શન મેળવનાર વર્ગો અને ઉત્પાનના સાધનોની માલિકી નથી)ની આવકો ઓછી હોય છે અને વેપારી, ઉત્પાદક અને ઉદ્યોગપતિઓ ભાવ વધારાને કારણે ઊંચી આવકો મેળવે છે. આમ સ્થિર આવક મેળવનાર અને ઉત્પાદન સાથે સંકળાયેલા વર્ગ વચ્ચે આવકની અસમાનતા પ્રવર્તે છે.

**(6) કરચોરી- કાળુ નાણું :**

પ્રમાણિક પણે કરવેરો ભરનારા અને અપ્રમાણિક કરચોરી કરનારાઓ વચ્ચે આવકની અસમાનતા પ્રવર્તે છે. પ્રમાણિક કરદાતાઓની કર સ્વરૂપે આવક સરકારની તિજોરીમાં જમા થતા તેમની વાસ્તવિક આવક ઘટે છે. જેઓ કરચોરી કરી કાળુ નાળુ પ્રાપ્ત કરે છે. તેમની વાસ્તવિક નાણાકીય આવકો વધે છે. ભ્રષ્ટાચાર, લાંચ રુશ્વત લેનારાઓ બેનામી આવકો પ્રાપ્ત કરી ધનિક બને છે. તેનો ભોગ બનનારા આંતરિક રીતે ગરીબ બને છે અને અસમાનતા સર્જે છે.

**(7) શ્રમની ઓછી ઉત્પાદકતા :**

કોઈપણ પ્રકારના શારીરિક કે માનસિક કામ કરનારને શ્રમિક કહેવાય છે. શ્રમિક તેની સીમાંત ભૌતિક ઉત્પાદકતા જેટલું વેતન પ્રાપ્ત કરે છે. જેની સીમાંત ભૌતિક ઉત્પાદકતા ઊંચી તે વધુ આવક મેળવે અને જે શ્રમિકની સીમાંત ભૌતિક ઉત્પાદકતા નીચી તે ઓછી આવક પ્રાપ્ત કરે છે. શ્રમિકની ઉત્પાદકતા ઉપર શિક્ષણ, કામનો પ્રકાર, માનવ મૂડીરોકાણ અને ટેક્નોલોજીકલ પરિવર્તનો અસર કરે છે. જે શ્રમિક તાલીમ પામેલો એટલે કે કેળવાયેલો હોય, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય અને બૌદ્ધિક સંપદાનો માલિક હોય (બુદ્ધિ આંક ઊંચો હોય) ઊંચુ મૂડીરોકાણ અને ટેક્નોલોજીકલ પરિવર્તનો સાથે કદમ મિલાવી કાર્ય કરે તે વળતર સ્વરૂપે ઊંચી આવક પ્રાપ્ત કરે છે. તેનાથી વિપરીત પરિસ્થિતિમાં અશિક્ષિત, તાલીમ વગરના કે ઓછો તર્ક બદ્ધ, કાર્યકુશળતાનો અભાવ અને પરંપરાગત પદ્ધતિથી કાર્ય કરે તો સ્વભાવિક તે ઓછી આવક પ્રાપ્ત કરે છે. એટલે કે તે શ્રમિકની ઉત્પાદકતા નીચી રહેતા ઓછી આવક મેળવશે. આમ શ્રમિકની ઓછી ઉત્પાદકતા એ પણ આવકની અસમાનતાનું કારણ ગણી શકાય. વળી જ્યાં શ્રમની વિપુલતા વધુ છે એટલે કે શ્રમનો પુરવઠો વધુ હોય તો તેની કિંમત એટલે કે વેતન હંમેશાં નીચુ રહેશે અને શ્રમનો પુરવઠો શ્રમની માંગ કરતાં ઓછો હશે તેવા સંજોગોમાં શ્રમના વેતન દર ઊંચા જોવા મળશે. આમ શ્રમનો પુરવઠો અને શ્રમની માંગ પણ આવકની અસમાનતા માટે જવાબદાર છે.

## 8. શિક્ષણ અને આરોગ્ય પાછળના ખર્ચમાં ઘટાડો

કેન્દ્ર સરકારના બજેટમાં શિક્ષણ અને આરોગ્યને અગ્રિમતા આપવામાં આવે છે. આ બે સેવાઓની જરૂર બદ્દુ રાષ્ટ્રને છે. દેશના આર્થિક વિકાસનો આધાર શિક્ષણ અને આરોગ્ય પાછળના ખર્ચ ઉપર રહેલો છે. શિક્ષણ અને આરોગ્ય પાછળનો ખર્ચ અને આર્થિક વિકાસ બન્ને વચ્ચે સીધો સંબંધ છે. આ બંને જરૂરી સેવાઓ પાછળ ખર્ચ વધુ કરવામાં આવે તો દેશનો ઝડપી આર્થિક વિકાસ થશે. વર્ષ 2021-22માં આરોગ્ય તરફથી ફાળવણીમાં કેન્દ્ર સરકારના બજેટમાં પાછલા વર્ષ કરતાં 10 ટકા ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે 2021-22માં શિક્ષણ પાછળની ફાળવણીમાં પાછલા વર્ષ કરતાં 10 ટકા વધારો જોવા મળ્યો હતો. G.D.P.ની ટકાવારી જોઈએ તો આરોગ્ય ખર્ચ 1.2 ટકાથી 1.6 ટકાના અત્યંત ધીમા દરે નીચો રહ્યો હતો. જે છેલ્લાં 22 વર્ષોમાં માત્ર 0-09 ટકાનો વધારો થયો છે. એ જ રીતે શિક્ષણ પાછળ ફાળવણી વધુ કરી હતી. પરંતુ G.D.P.ની ટકાવારીની રીતે પાછલા વર્ષ કરતાં ખર્ચ 3 ટકા નીચો રહ્યો છે. જે છેલ્લાં 18 વર્ષમાં માત્ર 0-07 ટકા જ વધ્યો છે. આમ શિક્ષણ અને આરોગ્ય પાછળ ખર્ચમાં ઘટાડો એ આવકની અસમાનતાનું પરોક્ષ કારણ બને છે.

## 9. આરોગ્ય સંભાળ અને શિક્ષણનું ખાનગીકરણ :

ભારતમાં છેલ્લા કેટલાય સમયથી આરોગ્ય સંભાળ અને શિક્ષણના ખાનગીકરણની નીતિના કારણે આવકની અસમાનતાને સમર્થન મળ્યું છે. Oxfam India દ્વારા 2021ના સર્વેક્ષણમાં જણાવ્યું છે કે 52 ટકા માતાપિતા કે જેઓ તેમના બાળકોને ખાનગી શાળામાં મોકલે છે. તેઓએ વર્ષ 2021-22 માટે વધારાની ફી ચૂકવવી પડી હતી. વધારાની ઊંચી ફી ન ભરવાના કારણે 35 ટકા બાળકો શિક્ષણ મેળવી શક્યા ન હતા. અને 38 ટકા વાલીઓએ પ્રવેશ સમયે કેપિટેશન ફી તરીકે ગેરકાયદેસર ચાર્જ ચૂકવવો પડ્યો હતો. તેમજ 57 ટકા વાલીઓએ શિક્ષણ ફી ઉપરાંત વધારાનો ચાર્જ ચૂકવવા પડ્યા હતા. જે સત્તાવાર વિભાજનનો ભાગ ન હતા. સર્વે મુજબ માતાપિતા તેમની ઘરની આવકનો નોંધપાત્ર હિસ્સો 15 ટકા કે તેથી વધુ ખાનગી શાળાની ફી પાછળ ખર્ચે છે. શાળા શિક્ષણનું વધતું ખાનગીકરણ અપ્રમાણસર રીતે દેશના ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલાં લોકોને અને એમાંય ખાસ કરીને છોકરીઓ અને મહિલાઓના શિક્ષણ ઉપર વિપરીત અસર કરે છે.

શિક્ષણની માફક આરોગ્ય સંભાળમાં ખાનગીકરણને વેગ મળવાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આર્થિક અસર કરે છે. ધનિકો અને ઉચ્ચ મધ્યમવર્ગના લોકો વીમા ઉતરાવીને કે સારી સ્પેશ્યાલીસ્ટ હૉસ્પિટલોમાં રોગો સામે સારવાર લઈ શકે છે. ભારતમાં રોગચાળા દરમ્યાન(માર્ચ 2020 થી નવે. 2021 કોરોના કાળમાં) અબજોપતિઓની સંપત્તિ રૂા. 23.14 લાખ કરોડથી વધીને રૂા. 53.16 લાખ કરોડ થઈ છે. આ દરમ્યાન 4.6 કરોડથી વધુ ભારતીયો 2020માં અત્યંત ગરીબીમાં આવી ગયા હોવાનો અંદાજ છે. ભારતમાં તીવ્ર સંપત્તિની અસમાનતા એ ધનિકોની તરફેણમાં ચાલતી આર્થિક વ્યવસ્થાનું પરિણામ છે. ગરીબો અને મધ્યમ વર્ગમાં સીમાંત લોકો ઉપર સમૃદ્ધ લોકો શોષણ કરે છે. રોગચાળા દરમ્યાન અમીરોએ રોકડ નફો પ્રાપ્ત કરી આવકની અસમાનતાઓ વધારી છે.

## 10. પ્રતિગામી પરોક્ષવેરા

સરકારની આવક પરોક્ષ કર ઉપર નિર્ભર હોય છે. ખાસ કરીને માલ અને સેવાઓના વેચાણ ઉપર લાદવામાં આવતો કર કે જેના ઉપર ભારતીયો આધાર રાખે છે. પરોક્ષવેરો અમીર અને ગરીબ બન્ને ઉપર એક સરખા દરે લેવામાં આવે છે. આથી ધનિકની આવકની તુલનાએ અને ગરીબની આવકની તુલનાએ સરખો પરોક્ષ વેરો હોવાથી ગરીબોની

તરફેણમાં હીપમાન કે પ્રતિગામી કર કહી શકાય. વર્ષ 2020માં કુલ કર આવકમાં પરોક્ષ કરની ટકાવારી 63.69 ટકા હતી. રોગચાળા દરમ્યાન (કોરોના) પણ પરોક્ષ કરમાં વધારો થયો હતો. કેન્દ્ર સરકારની આવકના હિસ્સા તરીકે પરોક્ષ કર એવા સમયે વધી રહ્યો છે. જ્યારે છેલ્લા ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્સનાં પ્રમાણમાં ઘટાડો થયો હતો. 2019-20ની સરખામણીએ 2020-21ના પ્રથમ છ માસમાં ઈંધણ પર લાદવામાં આવેલ વધારાનો કર 33 ટકા વધ્યો છે. તે કોવિડ પહેલાના સ્તર કરતાં 79 ટકા વધુ છે. તે જ સમયે 2016માં અતિ શ્રીમંત લોકો માટે વેલ્થ ટેક્ષ નાબૂદ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે રોકાણ આકર્ષવા માટે કોર્પોરેટ ટેક્સ 30 ટકાથી ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો હતો. જેના પરિણામે રૂા. 1.5 લાખ કરોડનું નુકસાન થયું હતું. જેણે વૃદ્ધિમાં ફાળો આપ્યો હતો. ભારતની રાજકોશીય ખાધમાં અત્યંત ગરીબ અને મધ્યમ વર્ગ રોગચાળાની મહામારીમાંથી પસાર થવા છતાં પરોક્ષ કર ઊંચો ચૂકવ્યો હતો. જ્યારે શ્રીમંતોએ તેમના વાજબી હિસ્સો ચૂકવ્યા વિના વધુ પૈસા કમાયા હતા. આમ પરોક્ષ કરવેરા પરોક્ષ રીતે આવકની અસમાનતા વધારે છે.

**(11) ખેત પ્રગતિ :**

ભારતમાં આયોજનકાળ દરમ્યાન ખેતી ક્ષેત્રના વિકાસની દૃષ્ટિએ અસમતુલા વધી છે. હરિયાળી ક્રાંતિને કારણે આંતર રાજ્યોમાં પણ આવકની અસમાનતા વધી છે. 1964-65માં પંજાબ અને હરિયાણામાં અનાજના કુલ ઉત્પાદનનો ફાળો 7.5 ટકા હતો. જે 2009-10માં 20 ટકા થયો. 2009-10માં પંજાબમાં હેક્ટર દીઠ ઉત્પાદન અનાજનું 4148 કિલોગ્રામ હતું. જે સમગ્ર ભારતના સરેરાશ હેક્ટર દીઠ 1798 કિ.ગ્રા.થી લગભગ ત્રણ ગણું જોવા મળ્યું હતું. જ્યારે હરિયાણામાં 3383 કિ.ગ્રા. એટલે કે રાષ્ટ્રીય ઉત્પાદન કરતાં બે ગણું હતું. આમ હરિયાળી ક્રાંતિ અને સિંચાઈના સગવડો અને રાસાયણિક ખાતરના ઉપયોગથી હરિયાણા, પંજાબમાં અનાજની ઉત્પાદકતા દ્વારા ઘણી આવકો ત્યાંના ખેડૂતોને પ્રાપ્ત થઈ હતી. જ્યારે ઓરિસ્સા, બિહાર, બંગાળ, રાજસ્થાન અને બીજા આર્થિક દૃષ્ટિએ પછાત રાજ્યોમાં કૃષિક્ષેત્રની પ્રગતિના ફળ મળી શક્યા નથી. તેથી આ વિસ્તારના ખેડૂતોની આવકો નીચી જોવા મળે છે.

હરિયાળીક્રાંતિથી નવી કૃષિ વ્યૂહરચના અમલમાં આવી. જે ખેડૂતોની કૃષિ ઉત્પાદકતામાં વધારો કરે છે. ઊંચી ઉત્પાદકતાનો લાભ મોટા અને સમૃદ્ધ ખેડૂતો તેમજ જમીનના જમીન માલિકો માણે છે. આ જ સમયે નાના, સીમાંત અને જમીન વિહોણા મજૂરોની આર્થિક સ્થિતિ વર્ષોથી કથળી છે. હરિયાળીક્રાંતિના લાભ તેઓ મેળવી શકતા નથી. પરિણામે આવકની અસમાનતા વધી છે.

**12. ઐતિહાસિક કારણો :**

અંગ્રેજોના શાસન દરમ્યાન આવકની અસમાનતા વ્યક્તિગત રીતે અને પ્રાદેશિક વિકાસની અસમાનતાનો પ્રારંભ થયો હતો. બ્રિટીશ સરકારે જે પ્રદેશોમાં મેન્યુફેક્ચરીંગ તેમજ વેપારની સગવડો ઉપલબ્ધ હતી તેવા રાજ્યોના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. મુંબઈ, કલકતા, ચેન્નાઈ, મહારાષ્ટ્ર અને બંગાળના ઉદ્યોગપતિઓ મેટ્રોપોલીટન શહેરોના ઉદ્યોગો તરફ આકર્ષાયા અને ત્યાં આવકોનું પ્રમાણ વધ્યું. ફકરો પાડો વળી અંગ્રેજોની જમીન મહેસુલની નીતિ ખેડૂતો માટે નુકસાનકારક હતી. મોટા જમીનદારો, વ્યાજખોર શાહુકારો અને સિંચાઈની સગવડો વિકાસાવીને તેઓને માલામાલ કર્યા. જ્યારે મોટા ભાગના પછાત અવસ્થામાં ખેતી કરતાં અને ભારતના ગ્રામીણ વિસ્તારના પ્રદેશોનો વિકાસ યોગ્ય રીતે ન થવાથી તેઓની આવકો નીચી રહી. માળખાગત સુવિધાના અભાવે આવા

પછાત વિસ્તારો પછાત રહ્યા. ત્યાં ઔદ્યોગિક એકમો ન સ્થપાતા તેમની આવકો નીચી રહી. જે આવકની અસમાનતાનું મૂળભૂત કારણ અંગ્રેજોની ઐતિહાસિક નીતિ જવાબદાર છે.

**13. પ્રસ્થાપિત પ્રતિગામી શાસન વ્યવસ્થા :**

શાસન વ્યવસ્થામાં ઘણા લોકો સંવેદન હીન હોય છે અને તેઓ ધનિક લોકોની તરફેણમાં ગરીબ લોકોનું શોષણ થવા દે છે. ગરીબ લોકોને વિકાસની તકો મેળવવામાં અવરોધ પેદા કરે છે. કાયદા કાનૂનનો ડર બતાવીને તેમને વિકાસના લાભોથી વંચિત રાખે છે. વળી ઘણા પ્રશાસનીક કર્મચારીઓ અને અધિકારીઓ ઓછી આવકવાળા લોકોને એક યા બીજા પ્રકારે ભ્રષ્ટ રીતરસમો વડે છેતરે છે. તેમની આવકનો કેટલોક ભાગ અનઅધિકૃત રીતે પડાવી લે છે. આદીવાસી વિસ્તારોમાં અને અત્યંત ગરીબ તેમજ પછાત નિરક્ષર લોકોની વસ્તીમાં આવું જોવા મળે છે. આમ પ્રસ્થાપિત પ્રતિગામી શાસન વ્યવસ્થા પણ આવકની અસમાનતાનું કારણ ગણી શકાય.

## 4.4 આવકની અસમાનતાની અસરો :

### (1) આર્થિક અસરો

**I આર્થિક વૃદ્ધિને અનુકૂળ**

આર્થિક અસમાનતા અથવા રાષ્ટ્રીય આવકની વહેંચણી એ કોઈપણ અર્થતંત્રની વાસ્તવિકતા છે. આવકની અસમાનતા સંપૂર્ણપણે નાબૂદ કરવી શક્ય નથી. આથી આર્થિક અસમાનતા અને આવકની વહેંચણીની અસમાનતા એ.મૂળ સમસ્યા નથી, પરંતુ તીવ્ર આર્થિક અસમાનતા અને આવકની વહેંચણીની તીવ્ર અસમાનતા એ મૂળભૂત સમસ્યા ગણાય. આવકની વહેંચણીની વધુ પડતી અસમાનતા એ કોઈપણ દેશમાં ઘણી આર્થિક તેમજ બિનઆર્થિક અસરો જન્માવે છે. એક માન્યતા અનુસાર વિકાસશીલ દેશમાં પ્રારંભિક તબક્કાના કેટલાંક વર્ષોમાં વહેંચણીની અસમાનતા બચત અને મૂડીરોકાણ વધારવા માટે અનિવાર્ય છે. ઓછી આવકવાળા લોકોની આવકો એટલી બધી ઓછી હોય છે કે તેઓ તેમની પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી. તેથી ઓછી આવક ધરાવતો મોટો વર્ગ કોઈપણ પ્રકારની બચતો કરી શકતો નથી. જ્યારે ઊંચી આવકવાળો વર્ગ ઘણે અંશે પોતાની જરૂરિયાતો સંતોષ્યા પછી પણ સારી એવી બચતો ધરાવે છે. જેનું રૂપાંતર મૂડી રોકાણમાં થાય છે. તેને પરિણામે દેશમાં મૂડીરોકાણ દર વધવાથી આર્થિક વૃદ્ધિ ઝડપી બને છે.

**II આર્થિક વૃદ્ધિની પ્રતિકૂળ અસર :**

આર્થિક અસમાનતા વિકાસશીલ દેશોમાં મૂડીરોકાણ વૃદ્ધિ અને આર્થિક વૃદ્ધિ માટે આવશ્યક હોવાની વિચારણા એ પરંપરાવાદી વિકાસશીલ દેશોમાં લોકોની પ્રદર્શનીય અસર વધુ હોય છે. ઓછી આવકવાળા લોકોની સીમાંત વપરાશવૃત્તિ ખૂબ ઊંચી હોય છે. તેથી રાષ્ટ્રની વધતી આવકનો વધુ હિસ્સો જો ઓછી આવકવાળા લોકોમાં વધુ પ્રમાણમાં વહેંચાય તો તેઓ આવકનો મોટો ભાગ ખર્ચી નાખે છે અને બચતોમાં કોઈ ખાસ વધારો થતો નથી. તેથી મૂડીરોકાણ દર વધી શકતો નથી. પરિણામે આર્થિક વૃદ્ધિ દર નીચો રહેવા પામે છે.

એક નવી વિચારસરણી મુજબ આવકની વધુ પડતી અસમાનતા એ વિકાસ વૃદ્ધિમાં અવરોધક બને છે. કારણ કે આર્થિક વૃદ્ધિ એ માત્ર મૂડીરોકાણ દર અને ભૌતિક મૂડીસાધનો ઉપર જ આધારિત નથી. પરંતુ માનવમૂડી તથા કામદારોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા

ઉપર પણ આધારિત છે. આવકની વધુ અસમાન વહેંચણી થવાથી વિકાસ ઉપર ત્રણ પ્રકારની પ્રતિકૂળ અસર થાય છે.

i અત્યંત ઓછી આવકને પરિણામે લોકોનું પોષણ અને આહાર અત્યંત નીચી કક્ષાના હોવાથી તેમનું સ્વાસ્થ્ય કથળે છે અને તેમની (ઉત્પાદકતા) કાર્યક્ષમતા ઓછી રહે છે.

ii વધુ પડતી અસમાન વહેંચણીને પરિણામે ઓછી આવકવાળા લોકો પૂરતા પ્રમાણમાં શિક્ષણ અને તાલીમ લઈ શકતા નથી. પરિણામે માનવમૂડી પછાત રહે છે અને કામદારોની ઉત્પાદકતા ઓછી રહેવા પામે છે.

iii અત્યંત ઓછી આવકવાળા લોકો પ્રાથમિક વસ્તુઓ ઉપરાંતની વધારાની વસ્તુઓની માંગ કરી શકતા નથી. તેથી વિવિધ ચીજવસ્તુઓના બજારોની અસરકારક માંગનો અભાવ જણાય છે. તેથી વિવિધ ઉદ્યોગો વિકસી શકતા નથી.

આમ વધુ પડતી આવકની અસમાનતા વહેંચણીને પરિણામે ગરીબીના વિષચક્રો બન્ને પ્રકારે સક્રિય રહેવા પામે છે. (1) મૂડીની અછતનું વિષચક્ર (2) મર્યાદિત બજારનું વિષચક્ર (અસરકારક માંગનો અભાવ)

**III ગરીબીમાં વધારો અને અત્યંત નીચું જીવનધોરણ :**

રાષ્ટ્રીય આવકની આર્થિક વહેંચણી વધુ પડતી અસમાન હોય તો ઓછી આવકવાળા ગરીબ લોકોની આવકમાં ખાસ કોઈ સુધારો થતો નથી. તેથી ગરીબીની સમસ્યા ચાલુ જ રહે છે અને તેઓ પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી. તેથી દેશના મોટા ભાગના લોકોનું જીવનધોરણ અત્યંત નીચુ રહે છે.

**IV કાર્યક્ષમતા ઉપર અસર :**

ઓછી આવકોને પરિણામે પોષક આહારની ઊણપ વર્તાય છે. તેમજ માંદગી અને બીમારીની સ્થિતિમાં પૂરતા પ્રમાણમાં તબીબી સારવાર લઈ શકાતી નથી. પરિણામે લોકોનું સામાન્ય આરોગ્ય કથળે છે અને લોકોની શારીરિક કાર્યક્ષમતા ઓછી રહેવા પામે છે. પરિણામે તેઓ વધુ ઉત્પાદન આવકો મેળવી શકતા નથી. વળી ઓછી આવકવાળા લોકો શિક્ષણ અને તાલીમ પાછળ વધુ ખર્ચ કરી શકતા ન હોવાથી દેશમાં માનવમૂડી પછાત રહેવા પામે છે અને તેથી તેમની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા નીચી રહેવા પામે છે.

**V ઉત્પાદનના સાધનોની ફાળવણી ઉપર વિપરીત અસર :**

વધુ પડતી આર્થિક આવકની અસમાનતાના કારણે વસ્તુઓની માંગનું માળખું વિપરીત પ્રકારનું રચાય છે. જેમાં સુખ સગવડ અને મોજશોખની માંગ વધે છે. જ્યારે આવશ્યક જીવન જરૂરિયાતવાળી વસ્તુઓની માંગ ઓછી આવકોને પરિણામે વધી શકતી નથી. આથી દેશના મર્યાદિત અને સીમિત સાધનોની ફાળવણી વિપરીત બને છે. મોજશોખ અને સુખ સગવડોની વસ્તુઓ પાછળ દેશના વધુ ઉત્પાદનના સાધનો રોકાય છે. આને પરિણામે મોજશોખ અને સુખ સગવડોની વસ્તુઓ ધનિકોને પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. ચાહે આ વસ્તુઓનું ઉત્પાદન દેશમાં થાય અથવા તેની આયાતો કરવામાં આવે. પ્રાથમિક વસ્તુઓ પાછળ માંગના અભાવે ઓછા સાધનો રોકાતા હોવાથી આ વસ્તુઓની અછત વર્તાય છે અને આ વસ્તુઓની આયાત કરવા માટે પણ પૂરતું ભંડોળ હોતુ નથી. તેથી પ્રાથમિક વસ્તુઓની અછત વર્તાય છે. વળી પ્રાથમિક વસ્તુઓની અછતને પરિણામે પ્રાથમિક વસ્તુઓના ભાવો વધે છે અને લોકોની ખરીદ શક્તિમાં ઘટાડો થાય છે અને લોકોની વાસ્તવિક આવક ઘટે છે.

**VI હડતાળ-અશાંતિની અસર :** આર્થિક અસમાનતાને પરિણામે સમાજમાં અશાંતિ, પૂર્વગ્રહ અને વર્ગ વિગ્રહ જેવી સ્થિતિ વધતી હોવાથી અવાર-નવાર હડતાલ, બંધ, તોફાનો અને વિવિધ પ્રકારની અશાંતિ પ્રવર્તે છે. જે દેશમાં ઉત્પાદન વૃદ્ધિને અવરોધે છે. તથા રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરાવે છે. વળી દેશમાં વધતી જતી અશાંતિના સંજોગોમાં વિદેશી મૂડી રોકાણો અવરોધાય છે. જે આર્થિક વિકાસની પ્રક્રિયાને ધીમી પાડે છે.

**VII બિનજરૂરી સ્પધા :** રાષ્ટ્રીય આવકની અસમાન વહેંચણીને લીધે ગરીબોની આવકોમાં અત્યંત ઓછો વધારો થતો હોય છે. તેઓ રોજગારી મેળવવા માટે વધુ પડતી સ્પર્ધા કરે છે. ખૂબ ઓછા વળતરે પોતાનો શ્રમ અને પોતાની વસ્તુઓ (પોતાના દ્વારા ઉત્પાદીત વસ્તુ કે સેવાઓ) કે સેવાઓ અત્યંત ઓછી કિંમતે કે ઓછા વળતરે વેચવા તૈયાર થઈ જાય છે. જેનો લાભ ધનિકો ઉઠાવે છે અને શ્રમના શોષણની વ્યાપક સમસ્યા સર્જાય છે.

**(2) બિન આર્થિક અસરો :**

I આવકની અસમાનતાને પરિણામે સમાજમાં દ્વેષ, પૂર્વગ્રહ અને વર્ગ વિગ્રહની સ્થિતિનું સર્જન થાય છે. સામાન્ય લોકોમાં ધનિકો પ્રત્યે દ્વેષ અને પૂર્વગ્રહો પ્રવર્તે છે. ગરીબો તેમની ઓછી આવકો માટે ધનિકોને જવાબદાર ગણે છે. પરિણામે દેશમાં ધનિક અને ગરીબ, મૂડીપતિ અને શ્રમિક, શહેરી અને ગ્રામીણ એવા જૂથ સંઘર્ષો કે વર્ગ વિગ્રહો વધે છે. દેશમાં મૂડીરોકાણ, બચત, વ્યાજ, નફો એ બધા આર્થિક પરિબળો પ્રત્યે નકારાત્મક વલણ સર્જાય છે. દેશના વિકાસમાં ઉદ્યોગપતિઓ અને ધનિકોનું નોંધપાત્ર યોગદાન હોય છે. છતાં રાજકારણીઓ અને સામાજિક કાર્યકરો, વિચારકો વગેરે બૌદ્ધિકો દ્વારા ગરીબ લોકોમાં ધનિક લોકો માટે પૂર્વગ્રહો સર્જવામાં આવે છે અને સમાજમાં વિકાસ માટે આવશ્યક સેવા પરિબળો પ્રત્યે નકારાત્મક માન્યતાઓ પ્રવર્તે છે.

II ગરીબ, અલ્પશિક્ષિત કામદારો ઓછા વેતનને કારણે તેમના શ્રમિક સંગઠનો વારંવાર હડતાળો પાડે છે અને વિરોધ પક્ષો બંધની હાકલો કરે છે. જેને કામદારો અનુસરે છે અને દેશમાં હિંસા, તોડફોડ, જાનહાનિ અને અશાંતિનો માહોલ સર્જે છે. આમ સમાજમાં પણ અશાંતિ અને હિંસા પ્રવર્તે છે.

III શિક્ષણ અને તાલીમનું સ્તર નીચું રહે છે. તે અનુસાર ભૌતિક સ્તર પણ નીચુ રહે છે. અલ્પશિક્ષિત લોકોની માનસિકતા હતાશાયુક્ત હોય છે. લોકો નસીબવાદમાં, પ્રારબ્ધવાદમાં માને છે તથા પોતાની પરિસ્થિતિને ના છૂટકે સ્વીકારી લે છે. આમ મોટા ભાગની વસ્તી હતાશા અને આશાવિહીન વાતાવરણમાં જીવે છે. તેથી આખો સમાજ પ્રગતિશીલ બની શકતો નથી.

V ગરીબી, દ્વેષ, હતાશા અને અભાવ જેવા સંજોગોમાં ધનિકોની તરફેણમાં કેટલાંક લોકો નકારાત્મક માનસિકતા ધરાવે છે અને ગુનાખોરી તરફ વળે છે. સમાજમાં ગુનાઓનું પ્રમાણ વધે છે. લોકોની સુખાકારી ઘટે છે. લોકો અસુરક્ષા અને અસલામતી અનુભવે છે.

(V) સમાજ આર્થિક રીતે (ડ્યુઅલ ઈકોનોમી) દ્વિમુખી અર્થતંત્રમાં વહેંચાય જાય છે. તેના પરિણામે સમાજ પણ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. એક જ દેશમાં એક નાનો વર્ગ સમૃદ્ધ, ગતિશીલ અને પ્રગતિશીલ હોય છે. જ્યારે બીજો મોટા વર્ગ ગરીબ, પછાત અને અપ્રગતિશીલ હોય છે. જે સમાજને સ્પષ્ટ પણે બે ભાગોમાં વહેંચી દે છે અને બન્ને વચ્ચેનું અંતર વધતુ જાય છે. ઊંચનીચ, સંસ્કારી-અસંસ્કારી,

પ્રગતિશીલ અને પછાત એવા ભેદભાવ વધતા જાય છે.

(VI) મહિલાઓ તરફ અન્યાય અને પૂર્વગ્રહોની સ્થિતિ, તદ્દન ઓછી આવકોવાળા લોકોમાં પુરુષોને જ પુરતી તકો મળતી ન હોવાથી સ્ત્રીઓને ભાગ્યે જ સારી તકો મળે છે. આવા સંજોગોમાં સ્ત્રીઓ પ્રત્યે પૂર્વગ્રહયુક્ત ભેદભાવપૂર્ણ અને અન્યાયી વલણ સર્જાય છે. આવા સમાજમાં મહિલા સશક્તિકરણ અને મહિલા જાગૃતિની શક્યતાઓ જણાતી નથી. મહિલાઓએ ઓછી આવકની સ્થિતિમાં પરિણામો વધુ પ્રમાણમાં ભોગવવા પડે છે.

(VII) ઓછી આવકોને પરિણામે પોષક આહારની ઊણપ વર્તાય છે. તેમજ માંદગી અને બીમારીની સ્થિતિમાં પૂરતા પ્રમાણમાં તબીબી સારવાર લઈ શકાતી નથી. પરિણામે લોકોનું સામાન્ય આરોગ્ય કથળે છે. અને લોકોની શારીરિક કાર્યક્ષમતા ઓછી રહેવા પામે છે. પરિણામે તેઓ વધુ ઉત્પાદન આવકો મેળવી શકતા નથી.

## 4.5 આવકની અસમાનતા દૂર કરવાના ઉપાયો :

ભારત વિકસીત દેશોની તુલનાએ તેમજ ભારતીય રાજ્યોની માથાદીઠ આવકની અન્ય અર્થવ્યવસ્થાઓ સાથે સરખામણી કરવાથી તદ્દન અસમાનતા જોવા મળે છે. આવકની અસમાનતાના અનેક કારણો છે. પરંતુ તેને દૂર કરવા માટે કેટલાક ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

### (1) ભ્રષ્ટાચાર ઉપર અંકુશ :

દેશમાં પ્રમાણિકપણે ઉત્પાદનના દરેક સાધનો કાર્ય કરે તો તેઓના વળતરમાં આવકની અસમાનતા ખૂબ જ ઓછી જોવા મળે. ભારતમાં આવકની અસમાનતા અત્યંત પર્વત અને ખીણ જેવી છે. આ અસમાનતાનું જો મૂળભૂત કોઈ કારણ હોય તો તે ભ્રષ્ટાચાર છે. આથી સરકાર જો ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મૂકે અથવા છટકબારીના છિદ્રો દૂર કરી ભ્રષ્ટાચારીને કડક કેદની સજા અને દંડ કરવામાં આવે તો ભ્રષ્ટાચારીઓમાં ભય વ્યાપી જશે અને બે નંબરની આવકો બંધ થતા આવકની અસમાનતા ઘટશે.

### (2) પરોક્ષ વેરા :

જીવનજરૂરી પ્રાથમિક ચીજવસ્તુઓ ઉપર ખૂબ જ નીચા પરોક્ષવેરાનો દર રાખવામાં આવે તો મોટા ભાગની વસ્તી ઉપર કરનો બોજ નીચો રહે. તેમની વાસ્તવિક આવક વધવા પામશે. તેમજ સરકાર તેની પરોક્ષકરની આવક ટકાવવા માટે સુખ સગવડ અને મોજશોખની ચીજવસ્તુઓ ઉપર વધુ કરવેરા લઈ પોતાની કર સ્વરૂપની આવક મેળવશે. બીજી બાજુ ધનિકો પરોક્ષ કર ઊંચો આપશે. તેથી તેની વાસ્તવિક આવક ઓછી થશે અને ગરીબોની વાસ્તવિક આવક વધતાં તેટલા પ્રમાણમાં આવકની અસમાનતા ઘટશે.

### (3) કરચોરી અટકાવવી :

બિન પ્રમાણિક કરદાતા એક યા બીજા સ્વરૂપે કર છુપાવવા અનેક પ્રકારના પ્રયત્નો કરી કાળુ નાણું એકઠું કરે છે. સરકારે કાયદાનો કડક અમલ કરી કરચોરી અટકાવવી જોઈએ. કાયદાની છટકબારીઓ કે છિદ્રોનો દુરુપયોગ ન થાય અને કડક અમલ કરી સખત કેદની સજા અને દંડ બન્ને લેવા જોઈએ. જેથી બિનહિસાબી નાણું રાખનાર કે કરચોરી કરનાર કેદની સજાથી ગભરાય. વળી ન્યાયમાં વિલંબ થવો જોઈએ નહીં. સ્વૈચ્છિક જાહેરાતની સ્કીમમાં વધુમાં વધુ 30 ટકા ટેક્ષ અને સરચાર્જ લેવામાં આવે છે. તેથી કરચોરો જ્યાં સુધી ન પકડાય ત્યાં સુધી કરચોરી કરે છે અને પકડાય તો પણ ટેક્ષ રેગ્યુલર મહત્તમ

૩૦ ટકા જ ભરવાનો થતો હોઈ છે. કરચોરીને પ્રોત્સાહન મળે છે તેની જગ્યાએ કરચોરો પકડાય તો 500 થી 1000 ગણો ટેક્ષ વસુલાય તો તેઓ કરચોરી કરવાની હિંમત કરશે નહિ. કરચોરી સ્વરૂપે જે ઊંચી આવકો ભેગી કરી આવકની અસમાનતા સમાજમાં પ્રવર્તે છે તે ઓછી થશે.

**(4) બેરોજગારી ગરીબી હટાવવા પ્રયત્ન :**

ગરીબ પ્રજા પાસે આવકો નીચી છે અને વસ્તીનું પ્રમાણ એટલે કે કુટુંબનું કદ ઊંચુ જોવા મળે છે. પરિણામે અર્થતંત્રમાં પૂરતા પ્રમાણમાં રોજગારી ઉપલબ્ધ થતી નથી જે ગરીબીમાં પરિણમે છે. સરકારે ચોપડીયા જ્ઞાન કરતાં પ્રેક્ટીકલ અને ટેક્નોલોજીકલ રીતે શ્રમિકોને સક્ષમ બનાવી સ્વરોજગારી ઊભી કરવાની વિપુલ તકોનું સર્જન કરવું પડે ગ્રામીણ ક્ષેત્રે અને શહેરીક્ષેત્રે બેરોજગારી ઘટાડવાથી ગરીબી પણ દૂર થશે. આવા ટેક્નીકલ અભ્યાસક્રમો વિના મૂલ્યે સરકારે શરૂ કરી ગરીબોની આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે. જેથી તેમની આવકો વધશે. અસંગઠિત ક્ષેત્રમાં લઘુતમ વેતનદર વધારવા અને રોજગારીની ખાત્રી આપવાથી પણ બેરોજગારી ઘટશે અને તેટલા પ્રમાણમાં આવકની અસમાનતા ઘટશે. વળી ધનિકો પાસેથી થોડો વધુ સરચાર્જ સ્વરૂપે કર લઈ ગરીબોના હિતમાં વાપરવાથી આવકની અસમાનતા ઘટશે.

**(5) કૃષિક્ષેત્રે કરવેરા લાદવા :**

ભારત ખેતીપ્રધાન દેશ અને 50 ટકા કરતાં વધુ વસ્તી કૃષિક્ષેત્ર ઉપર આધારિત છે. કૃષિક્ષેત્રે કરવેરા સીધા ન હોવાથી ધનિકો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ઉત્પાદકો, ડૉક્ટરો, વકીલો કે જેઓને ખેતી સાથે જરાય સંબંધ નથી. પરંતુ તેઓની અન્ય ક્ષેત્રની આવકો કૃષિક્ષેત્રની દર્શાવી કરચોરી કરી કાળુ નાણું કે બિનહિસાબી નાણું ઊભુ કરી આવકની અસમાનતા સર્જે છે. જો કૃષિક્ષેત્રે કરવેરા લાદવામાં આવે તો કરચોરીનું પ્રમાણ ઘટી આવકની અસમાનતા ઘટશે. સરકારને કરવેરા સ્વરૂપે આવક વધતાં ગરીબોના કલ્યાણ અર્થે વાપરે તો આવકની અસમાનતા ઓછી થશે.

**(6) સરકારી યોજનાનો ચુસ્ત અમલ :**

સરકારી યોજનાઓ ગરીબો, વંચિતો, નિરાધારો, વિધવાઓ, મહિલાઓ અંગે સામાજિક કલ્યાણ હિતાર્થે સરકાર અમલમાં મૂકે છે. તેનો મોટે ભાગે લાભ ધનિકો, જમીનમાલિકો, ઉદ્યોગપતિઓ સરકારી અમલદારો સાથે સાંઠગાંઠ કરીને લે છે. સરકારે વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના લાભો સાચા હિતાર્થે ગરીબો પાસે પહોંચે અને તેનો કડક અમલ થાય તો ચોક્કસ આવકની અસમાનતા ઘટશે. સરકારી અમલદાર કર્મચારી કે ખોટો લાભાર્થી પકડાય તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરી સજા કરવામાં આવે તો આવકની અસમાનતા ઘટશે. વળી સામાજિક સુરક્ષાના લાભો પણ વધારવાની જરૂર છે.

બેકારી, ગરીબી, ફુગાવાને અંકુશમાં લેવો શિક્ષણનું સ્તર ઊંચુ લઈ પ્રજાને શિક્ષિત બનાવવી. ગૃહઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોનો ગ્રામીણ સ્તરે વિકાસ કરી રોજગારીની તકો વધારવી. કલ્યાણલક્ષી યોજનાઓ જેવી કે સસ્તુ અનાજ, આરોગ્ય માટે સહાય, શિક્ષણની સુવિધા, રોજગારી, અનામતો, સ્કોલરશીપ, ITC જેવા Skill Development પ્રોગ્રામ, રોજગારો તાલીમ કેન્દ્રો, વાણિજ્ય સેવાઓની તાલીમ જેવી કે કોમ્પ્યૂટર, કોમ્યુનિકેશન સ્કીલ, આધુનિક યુગને અનુરૂપ તાલીમ આપીને રોજગાર ગરીબોને રાહત આપવાની જરૂર છે. આરોગ્ય વિષયક ફ્રી સેવાઓ જેવી કે મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, મા અમૃતમ વાત્સલ્ય યોજના વગેરેનો લાભ ગરીબ પ્રજા લઈ શકે તે માટે હકારાત્મક અભિગમ અપનાવવાની

જરૂર છે. આમ ભારતમાં આવકની અસમાનતા ઘટાડવા ગરીબો તરફી ઘણી યોજનાઓ છે. પરંતુ વાસ્તવિક લાભ તેમના સુધી પહોંચતો નથી તે આપણાં દેશની નબળાઈ છે.

## 4.6 વિકાસ અને વહેંચણી

દેશનો આર્થિક વિકાસ થાય અને આ વિકાસની વહેંચણી જો યોગ્ય રીતે થાય તો આવકની અસમાનતા ઘટે. આર્થિક વિકાસ વિના વહેંચણી બહુ જ મુશ્કેલ છે. દરેક દેશ માટે વહેંચણીની અસમાનતા દૂર કરવા માટે જો રાષ્ટ્રીય આવકની વહેંચણીને વધુ મહત્ત્વ આપવામાં આવે તો તે વિકાસના ભોગે વહેંચણી થાય. જેના પરિણામે વિકાસદર ધીમો પડે અને ગરીબોની આવક વધારવાનું મુશ્કેલ બને. જો ઝડપી વિકાસને મહત્ત્વ આપવામાં આવે તો ઝડપી વિકાસ સાથે રાષ્ટ્રીય આવકની વહેંચણીની અસમાનતા વધે છે. આથી વિકાસ અને રાષ્ટ્રીય આવકની વહેંચણી વચ્ચે સમતુલા હોવી જરૂરી છે. સરકારો ઝડપી વિકાસને મહત્ત્વ આપે છે અને વિકાસની યોજનાઓ અમલમાં મૂકે છે. આ સિવાય મૂડી બજાર અને વાણિજ્ય સેવાઓના વિકાસ ઉપર પણ ભાર મૂકવામાં આવે છે. આમ એક બાજુથી રાજ્ય દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ વડે ઝડપી વિકાસનો હેતુ રાખવામાં આવે છે. બીજી બાજુથી મૂડી બજાર અને વાણિજ્ય સેવાઓના વિકાસ વડે તેમજ વિશેષ પ્રોત્સાહનો અને આર્થિક નીતિઓ વડે ખાનગીક્ષેત્રે મૂડીરોકાણો અને ઉત્પાદન વધે તેવા પ્રયાસો કરવામાં આવે છે. આર્થિક વિકાસ જેટલો ઝડપથી વધી શકે તેટલો ઝડપથી આર્થિક અસમાનતા ઘટી શકે. આર્થિક અસમાનતા ઘટાડવા માટે વિકાસના સંદર્ભમાં સર્વ સમાવેશી વિકાસની વ્યૂહરચનાને મહત્ત્વ આપવામાં આવે છે. જેમાં જુદા જુદા ઓછી આવકવાળા અને પછાત વર્ગોને તાલીમ તથા સસ્તી લોન વડે ઉત્પાદક રોજગારી પૂરી પાડવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ તથા શહેરીક્ષેત્રે મહિલાઓની આવકો વધારવા માટે સખીમંડળો ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. આર્થિક અસમાનતા ઘટાડવામાં મહિલાઓની આર્થિક સ્થિતિ સુધરે તે રીતે મહિલા સશક્તિકરણ પણ મહત્ત્વનું ગણાય. રાજ્ય દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાગત) વિકાસ, વાણિજ્ય અને શેર બજારનો વિકાસ તેમજ આર્થિક નીતિઓ વડે ખાનગી વિકાસની તકો પૂરી પાડે છે. વળી સર્વ સમાવેશી વિકાસ મહિલા સશક્તિકરણ વડે થાય છે.

**આવકની સમાનતા :**

વહેંચણી અને આર્થિક વિકાસ એ બન્ને કોઈપણ દેશ માટે મહત્ત્વના છે. પરંતુ આર્થિક વિકાસને અવરોધરૂપ બની માત્ર વહેંચણીને પ્રાથમિકતા આપવામાં આવે તો દેશનો વિકાસ અવરોધાય છે અને વધુ લોકોને આવકો વહેંચી શકાય તેવી શક્યતાઓ નાબૂદ થાય છે. આ અંગે દેશના પ્રથમ વડાપ્રધાન નહેરુજીનું એક પત્રકાર સાથેનો સંવાદ નોંધનીય છે. પત્રકારે વહેંચણી ઉપર ભાર મૂકવા માટે કહ્યું ત્યારે નહેરુજીએ જવાબ આપ્યો કે જો આર્થિક વિકાસ કર્યા વિના આપણે રાષ્ટ્રીય આવકની વહેંચણીનો સમાન આગ્રહ રાખીશું તો મારા અને તમારી પાસે આ પહેરેલાં કપડાં પણ રહેશે નહીં. ગરીબ દેશમાં વિકાસ કર્યા વિના વહેંચણી કરીએ એટલે માત્ર ગરીબીની વહેંચણી કરી કહેવાય. એજ રીતે ગાંધીજીનો વિચાર પણ સમાનતા સંદર્ભે નોંધવા જેવો છે. તેમના મતે આવકની સમાનતા એ એમનો આદર્શ છે. પરંતુ સંપૂર્ણ સમાનતા શક્ય નથી તેથી વાજબી સમાનતાનો તેઓ આગ્રહ રાખે છે. એટલે કે આર્થિક અસમાનતા ઘટાડવાની વાત આવે ત્યારે રાજકોશીય નીતિનો ઉલ્લેખ ઊંચી સંપત્તિ અને આવકો ઉપર ઊંચા કરવેરા પ્રગતિશીલ દરે અને બહુ ઓછી આવકવાળા લોકો માટે કલ્યાણલક્ષી યોજનાઓ વડે આવકની અસમાનતાને દૂર કરવાનો પ્રયાસ થાય છે. જો કે વધુ પડતા કરવેરા એ વિકાસને પ્રતિકૂળ અસર કરે છે. તેથી રાષ્ટ્રીય આવકની વહેંચણીની અસમાનતા ઘટાડવામાં પણ અવરોધ પેદા થાય છે. આથી જ 1960-70ના દાયકામાં અવાસ્તવિક પ્રગતિશીલ વેરા હતા. જેમાં સીમાંત આવકો

લગભગ જપ્ત થતી હતી. તે નીતિ બદલી મહત્તમ 30 ટકા વેરાની નીતિ અપનાવવામાં આવી છે.

અમેરિકાના ફોર્ડ (Ford) કારના કિંગ હેનરી ફોર્ડ માનવ કલ્યાણની અને સમાજવાદી વિચારોની વાતો કરવા સંદર્ભે જણાવ્યું હતું કે મારી કંપની સંપત્તિ બધાને સરખા હિસ્સે વહેંચી દો તો જેટલી રકમના ચેક તૈયાર કર્યા તે એક વખત જ કર્મચારીઓને મળશે. મૂડીના અભાવે કારખાનું બંધ થઈ જશે અને તમારી આવકો પણ બંધ થઈ જશે. બૌદ્ધિકો એક જ વખત આવક વહેંચી દેવાને બદલે ક્રમશઃ આવક વહેંચાય તે જરૂરી છે. જેથી આવકના સ્ત્રોતો ચાલુ રહે. ટૂંકમાં રાષ્ટ્રીય આવકની વહેંચણી આર્થિક વિકાસ કે વૃદ્ધિને ધ્યાનમાં લઈને કરવી જોઈએ.

**સમીક્ષા :**

આવકની તીવ્ર અસમાનતા એ માત્ર આર્થિક સમસ્યા નથી. એની પાછળ સામાજિક, ભૌગોલિક, માનસિક અને સ્થાપિત પરંપરા જેવા ઘણા પરિબળો જવાબદાર છે. સામાન્ય રીતે અસમાનતાની સમસ્યા એ ગરીબી અને બેરોજગારીની સમસ્યા સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. આ સમસ્યાના ઉકેલ માટે માત્ર અસમાનતા ઘટાડવી પૂરતી નથી. તેની સાથે બેરોજગારી અને ગરીબી ઘટાડવાના ઉપાયો આવશ્યક હોય છે.

## 4.7 ઓક્સફેમ સર્વેનો ભારતના સંદર્ભમાં આવકની અસમાનતાનો ટૂંકસાર (વર્ષ 2019)

ભારતના સંદર્ભમાં આવકની અસમાનતાનો સર્વે ઓક્સફેમે કર્યો છે. જેની ટૂંકી માહિતી નીચે મુજબ છે.

1. ભારતે ગયા વર્ષે 17 નવા અબજોપતિ ઉમેર્યા. જે સંખ્યા વધીને 101 અબજોપતિ થઈ.
2. ભારતીય અબજોપતિઓની સંપત્તિમાં રૂા. 4891 બિલિયનનો વધારો થયો. જે રૂા. 15,778 બિલિયનમાંથી વધીને રૂા. 20,676 બિલિયન થઈ. જે આરોગ્ય અને શિક્ષણ પરના તમામ રાજ્યોના બજેટના 85 ટકા નાણાં માટે પૂરતા હતા.
3. ગયા વર્ષે પેદા થયેલી સંપત્તિમાંથી 73 ટકા સંપત્તિ દેશના અતિ ધનાઢ્ય 1 ટકા લોકો પાસે ગઈ. અને 67 કરોડ ભારતીયો કે જે સૌથી ગરીબ વસ્તીનો સમાવેશ કરે છે. તેમની સંપત્તિમાં એક ટકાનો વધારો જોવા મળ્યો છે.
4. છેલ્લા 12 મહિનામાં આ મુઠીભર ધનિકોની સંપત્તિમાં રૂા. 20,913 અબજ રૂપિયાનો વધારો થયો. આ રકમ કેન્દ્ર સરકારના 2017-18ના કુલ બજેટની સમકક્ષ છે.
5. ભારતના 37 ટકા અબજોપતિઓને વારસામાં કૌટુંબિક સંપત્તિ મળી છે. તેઓ દેશના અબજોપતિઓની કુલ સંપત્તિના 51 ટકા ઉપર નિયંત્રણ કરે છે.
6. ભારતમાં માત્ર ચાર મહિલા અબજોપતિ છે અને તેમાંથી ત્રણ મહિલાને વારસામાં કૌટુંબિક સંપત્તિ મળે છે.
7. વર્ષ 2018 થી 2022ની વચ્ચે ભારતમાં દરરોજ 70 નવા મિલિયોર્નર પેદા થવાનો અંદાજ છે.
8. ભારતમાં અબજોપતિની સંખ્યા વર્ષ 2000માં માત્ર 9 (નવ) હતી. જે વધીને 2017માં 101 થઈ છે. (નોંધ : જો કે 2021માં આ સંખ્યા વધીને 142 થઈ છે.)

**Imbalance Income in India**

References :


- Devi Kabirdoss, SRM institute of Science and Technology, May 2015, www.Researchscrips.org
- Amitkapur & Jaishka Duggle Oxfam International http://www.oxfam.org>india exterme.inequality-num.
- Shocking facts about inequality in India. by oxfam India. 24 Jun, 2018. friendsoxfam@oxfamindia.org.
- Oxfam (ઑક્સફામ) નામ ૧૯૪૨માં બ્રિટનમાં સ્થપાયેલી ઑક્સફર્ડ કમિટી ફોર ફેમિન રિલિફ પરથી આવ્યું છે. ઑક્સફામ ઈન્ટરનેશનલની રચના ૧૯૯૫માં સ્વતંત્ર બિનસરકારી સંસ્થાઓના જૂથ દ્વારા કરવામાં આવી હતી. ગરીબી અને અન્યાયનો અંત લાવવા અસમાનતા સામે Oxfam લડી રહ્યું છે. તેમનું મુખ્ય કાર્ય માનવઅધિકારોની સાર્વત્રિકતા પ્રત્યે પ્રતિબદ્ધતા, ગરીબી અને અન્યાય સામે લડવા અને નારીવાદી અભિગમ દ્વારા, માર્ગદર્શન આપવાનાં આધારે ચલાવવામાં આવે છે.
- Oxfam.orglen/india-exterme-ineauality-numbers.
- Chaudhary Prashantkumar, July 12 2022, Income Inequality in India.
- N.C. Saxena member, Nation Advisory Council.
- India Still suffers from huge income gap Article.
- Income gap rises in India NSSO.
- The Indian Express - Joarnalism of courage. 1 sep. 2022 Newslettar. News paper by ENS Economic Bureau. New Delhi, updated December 8 2021.
- Rajesh Mehta, Miheer Jain, Businessline “How income inequality in India can be narrowrd. “Feb. 2022
- The State of inequality in India Report released “The State of Inequality Report is a stock taking of both inclusion and exclusion.” 18 May, 2022 PLB Delhi.
- Purfulla Kumar Nath “Increasing Economic ineqality in India. and Policy Suggestion fellow at institute of Rural Mangament, Anand.
- Barro R.J. (2000) inequality and Growth in a Pannel of countries, Journal of Economic Gorwth 5 (1) 5-32
- Sanket Suman “Inequality of Income and Wealth in India : Causes and Measures. Article.
- Rowlatt. Justin (2 May, 2012) “Indian ineqality Still hidden.” BBC
- Wikipedia, the free encyclopedia.
- Nair Remya (2 May, 2016) IMF warms of growing inequality in India and China livemint.
- Income gap rises in India. NSSO
- GINI index (World bank estimate) Data - worldbank.org.
- Inida still sufters from huge Inome gap Southasia one world net.